દર સોમવારે નિયમિત પ્રસિદ્ધ થતું સાપ્તાહિક અખબાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

સહતંત્રી : શીતલ ઠાકર મો.૯૭૨૭૮ ૬૧૩૬૦

PRGI : GJGUJ/25/A4373

Weekly સાપ્તાહિક ગુજરાતી

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ મો.૯૮૯૮૬૯૩૯૮૫

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN E-mail : badshahpathan@gmail.com

તા.૧૯-૧૦-૨૦૨૬ સોમવાર । અંક નં.૪૧ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 19-10-2026 MONDAYI Isseu No.41 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પરિવાર અને પોલીસ પરિવારે ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ બોલાવી



સાબરકાંઠા જિલ્લાના મુખ્યાલય હિંમતનગર ખાતે આવેલી જિલ્લા પોલીસ કચેરીના ગ્રાઉન્ડમાં 'રણકાર ગ્રુપ' દ્વારા આયોજિત પાંચ દિવસીય 'રણકાર નવરાત્રી મહોત્સવ' ઉત્સાહ અને ઉમંગસભર માહોલમાં સંપન્ન થયો હતો. આ મહોત્સવમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારોએ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ભાગ લઈ નવરાત્રીની ભવ્ય ઉજવણી કરી હતી.

### માતાજીની આરાધના અને ગરબાની રમઝટ

કાર્યક્રમની શરૂઆત જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની વિશેષ ઉપસ્થિતિમાં આદ્યશક્તિ અંબાજી માતાજીની આરતી અને પૂજા-અર્ચના કરીને કરવામાં આવી હતી. આરતી બાદ સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સુપ્રસિદ્ધ ગાયિકા અભિતા પટેલના સુરમય અને તાલેબદ્ધ ગરબાના તાલે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમી ઊઠ્યા હતા. ટ્રેડિશનલ પોશાકમાં સજ્જ થઈને આવેલા પોલીસ પરિવારના સભ્યો, બાળકો અને મહિલાઓએ પાંચેય દિવસ સુધી રાસ-ગરબાની અનોખી મોજ માણી હતી.

### ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ પરિવાર સાથે ગરબે ઘૂમ્યા

આ આયોજનની મુખ્ય વિશેષતા એ રહી કે, જિલ્લા પોલીસ વડા ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ પોતાના પરિવાર સાથે ગરબાના રાસમાં જોડાયા હતા. આ ઉપરાંત જિલ્લાના ડીવાયએસપી (DySP), પીઆઈ (PI), પીએસઆઈ (PSI) સહિતના તમામ નાના-મોટા અધિકારીઓ અને કર્મચારીઓએ પણ પોતાના દૈનિક ફરજમાંથી વિરામ લઈ પરિવારજનો સાથે પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબે ઘૂમ્યા હતા.

### સુરક્ષા અને આયોજન

નવરાત્રી મહોત્સવ દરમિયાન ગ્રાઉન્ડ ખાતે કડક પોલીસ બંદોબસ્ત સાથે સુચારૂ સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવામાં આવી હતી.પોલીસ કર્મચારીઓ જે સતત નાગરિકોની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં વ્યસ્ત રહેતા હોય છે, તેમના માટે આ પાંચ દિવસીય આયોજન આનંદ, એકતા, ભાઈચારા અને ભક્તિનો એક અનોખો અને યાદગાર અવસર સાબિત થયો હતો. •

## ૨૫ વર્ષથી જલેરી ડેમ પ્રોજેક્ટના અસરગ્રસ્તો બિનવારસી જમીન પરત મળી પણ ૭/૧૨માં નામ ન ચડતાં આવેદનપત્ર પાઠવાયું



— લાલુભાઈ (અસરગ્રસ્ત ખેડૂત, પોશીના)

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના ચંદ્રાણા ગામે જલેરી ડેમ પ્રોજેક્ટના અસરગ્રસ્ત આદિવાસી ખેડૂતોનો જમીનનો પ્રશ્ન છેલ્લા ૨૨થી ૨૫ વર્ષથી વણઉકેલાયેલો રહ્યો છે. સિંચાઈ વિભાગ દ્વારા જમીન પરત સોંપાઈ ગઈ હોવા છતાં સરકારી દફતરે ૭/૧૨ના ઉતારામાં ખેડૂતોનાં નામ ન નોંધાતાં રોષે ભરાયેલા ખેડૂતોએ આજે કલેક્ટર કચેરી ખાતે પહોંચી આવેદનપત્ર પાઠવ્યું હતું. જો વહેલી તકે ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### પ્રોજેક્ટ રદ થયો પણ કાગળ પર ખેડૂતો વંચિત રહ્યા

મળતી માહિતી મુજબ, ચંદ્રાણા ગામે જલેરી ડેમ પ્રોજેક્ટ માટે આદિવાસી ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી હતી. જોકે, અસરગ્રસ્તોના પુનર્વસન સહિતની જરૂરી વ્યવસ્થાઓના અભાવે આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ સિંચાઈ વિભાગ દ્વારા જમીન ખેડૂતોને પરત સોંપી દેવામાં આવી હતી.

ખેડૂતો જમીનના નિયમ મુજબના વળતરની રકમ ભરવા માટે પણ સંપૂર્ણ તૈયાર છે, છતાં સરકારી તંત્રની ઘોર બેદરકારીના કારણે છેલ્લા ૨૨થી ૨૫ વર્ષથી ૭/૧૨ના ઉતારામાં મૂળ માલિકોનાં નામ દાખલ કરવામાં આવ્યા નથી. મુખ્યમંત્રી કક્ષાએથી આદેશો થયા હોવા છતાં સ્થાનિક તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. સરકારી યોજનાઓ અને આદિવાસી દાખલા મેળવવામાં ભારે હાલાકી૭/૧૨ના ઉતારામાં નામ ન હોવાના કારણે સ્થાનિક આદિવાસી ખેડૂતોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છેઃ

ખેતી માટે વીજ કનેક્શન મળવામાં રૂકાવટ 'મુખ્યમંત્રી આવાસ યોજના'ના લાભથી વંચિત આદિવાસી (ST) પ્રમાણપત્ર મેળવવામાં અડચણો બાળકોની શિષ્યવૃત્તિ સહિતની સરકારી યોજનાઓના લાભો અટવાયા

### યોગ્ય નિર્ણય નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

આજે ચંદ્રાણા ગામના આદિવાસી ખેડૂતો અને પૂર્વ ધારાસભ્ય અશ્વિન કોટવાલની આગેવાનીમાં કલેક્ટરને આવેદનપત્ર આપીને વર્ષો જૂના આ પડતર પ્રશ્નનો તાત્કાલિક અને કાયમી નિકાલ લાવવા માંગ કરવામાં આવી છે. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો હવે પછી પણ યોગ્ય કાયદાકીય નિર્ણય લેવામાં નહીં આવે તો સમગ્ર તાલુકાના આદિવાસી ખેડૂતો મળીને ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

અમે જમીનનું વળતર ભરવા તૈયાર છીએ, છતાં તંત્ર સરકારી ચોપડે અમારાં નામ ચડાવતું નથી. ૨૫ વર્ષથી અમે અમારો હક મેળવવા અટવાઈ રહ્યા છીએ. •

# હિંમતનગરમાં 'માં નો માંડવો ૨૦૨૬'માં ખેલૈયાઓની ભારે ધૂમ
## બીજા દિવસે ગરબાગાયિકા માનસી કુંપાવતના તાલે ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા



સાબરકાંઠા જિલ્લાના મુખ્યાલય હિંમતનગરમાં આસો નવરાત્રી પર્વની ભવ્ય અને રંગેચંગે ઉજવણી થઈ રહી છે. ગઢોડા રોડ પર આવેલા સુપ્રસિદ્ધ હીર પાર્ટી પ્લોટ ખાતે આયોજિત 'માં નો માંડવો ૨૦૨૬' પ્રીમિયર નવરાત્રી મહોત્સવમાં બીજા નોરતે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ અને રોમાંચ જોવા મળ્યો હતો.

નવરાત્રીના બીજા દિવસે રંગબેરંગી ચણિયાચોળી અને કેડિયા-ધોતી જેવા પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ ગરબે ઘૂમવા ઉમટી પડ્યા હતા. જાણીતા ગરબાગાયિકા માનસી કુંપાવતના તાલબદ્ધ સૂર અને સંગીતના ત્રિવેણી સંગમે આખી સાંજને ભક્તિમય અને ઉત્સાહસભર બનાવી દીધી હતી. તેમના પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલે ખેલૈયાઓએ મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી હતી.

આ ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન 'ફિનિશ ચેરિટી ટેબલ ટ્રસ્ટ' અને 'માં નો માંડવો' ની ટીમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. ગરબા ગ્રાઉન્ડમાં મા અંબાની ભક્તિ, પરંપરાગત સંસ્કૃતિ અને ખેલૈયાઓના અદ્દભુત ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. રમઝટ માણવા માટે માત્ર ખેલૈયાઓ જ નહીં પરંતુ મોટી સંખ્યામાં દર્શકો પણ મા અંબાના રાસ-ગરબા જોવા ઉમટી પડ્યા હતા.

# નાયક સમાજનો રંગભૂમિનો સિતારો ખરી પડ્યો



દરામલીના ૧૦૨ વર્ષના કલાકાર જયશંકર નાયકે દુનિયાને અલવિદા કહી : ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્ષો અગાઉ ત્રિઅંકી નાટકોનો સોનેરી જમાનો હતો, તે સમયે મુંબઈ સહિતના સ્થળોએ ગુજરાતી નાટકોમાં સ્ત્રી પાત્રો ભજવીને તથા માતાજીના વેશમાં નાટકો રજૂ કરી ભારે ખ્યાતિ મેળવનાર સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના દરામલી ગામના જાણીતા રંગભૂમિના સિતારા જયશંકર નાયક બુધવારે ૧૦૨ વર્ષ અને ૧૦ મહિનાની વયે દરામલી સ્થિત પોતાના નિવાસસ્થાનેથી અનંત પ્રવાસે નીકળી ગયા છે. તેમના આ અવસાનથી રંગભૂમિના કલાકારો તેમજ નાયક સમાજને ક્યારેય ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે.

જૂની રંગભૂમિને ગામડામાં રહીને પણ જીવંત રાખી: સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ઇડર તાલુકાના દરામલી ગામના જયશંકર નાયકએ પોતાનું સમગ્ર જીવન રંગભૂમિને સમર્પિત કર્યું હતું. તેઓ ઉચ્ચકોટીના અદાકાર તેમજ અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીના મિત્ર હતા અને જાણીતી ગુજરાતી ફિલ્મ 'માનવીની ભવાઈ'માં પણ તેમણે પોતાની કલાના ઉત્કૃષ્ટ ઓજસ પાથર્યા હતા. તેઓ ગામડામાં રહીને પણ જૂની રંગભૂમિની યાદોને હંમેશાં જીવંત રાખવા તત્પર રહેતા હતા. ગુજરાતી ફિલ્મ 'માનવીની ભવાઈ'માં અજવાળા પાથરે તેવી તેમની સાદગીભરી ઓળખ એટલે કે સફેદ દાઢી, સફેદ ધોતી અને ખભા પર અંગરખું તેમની આગવી ઓળખ બની ગઈ હતી.

૫૦ વર્ષ સુધી મંચ પર ખેડાણ અને 'માસ્ટર ત્રિકમ એવોર્ડ'થી સન્માનઃ તેઓએ પ્રખ્યાત 'વિજય નાટક કંપની'માં પોતાના અભિનયના અદ્ભુત ઓજસ પાથર્યા હતા. નાયક ભોજક સમાજની મહેસાણાની કેળવણી મધ્યસ્થ સંસ્થા દ્વારા તેમને અગાઉ પ્રતિષ્ઠિત 'માસ્ટર ત્રિકમ એવોર્ડ'થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આશરે ૫૦ વર્ષ સુધી રંગભૂમિના મંચ પર પોતાની કલાકારીગરી દર્શાવીને તેઓ એક ઉમદા અને લોકપ્રિય કલાકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા.

બુધવારે તેઓએ ૧૦૨ વર્ષ અને ૧૦ મહિનાની દીર્ઘાયુ વયે અંતિમ શ્વાસ લઈ આ દુનિયાને અલવિદા કહેતા, સમસ્ત નાયક સમાજ અને કલા જગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# હિંમતનગર માર્કેટયાર્ડમાં મગફળીની બમ્પર આવક ખેડૂતોને પ્રતિ મણ રૂ. ૧૬૦૦ થી ૨૦૭૦ સુધીના મળ્યા પોષણક્ષમ ભાવ

યાર્ડના શેડ ભરાઈ જતાં વૈશાલી સિનેમા પાસેના ગ્રાઉન્ડમાં વધારાની સુવિધા કરાઈઃ ટોકન પદ્ધતિ, ભોજન અને રાત્રિ રોકાણની વ્યવસ્થા

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે હાલ મગફળીની મબલખ આવક થઈ રહી છે. મગફળીની ખરીદી માટે ખેડૂતોની સાથે વેપારીઓ પણ મોટી સંખ્યામાં માર્કેટયાર્ડમાં પહોંચી રહ્યા છે. ગુણવત્તાપ્રમાણે ખેડૂતોને પ્રતિ મણ રૂા.૧૬૦૦ થી ૨૦૭૦ સુધીના સારા ભાવ મળી રહ્યા હોવાથી ખેડૂતોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. ૧૪ સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં ૩ લાખથી વધુ બોરીની આવક

હિંમતનગર માર્કેટયાર્ડમાં ગત ૧૪ સપ્ટેમ્બરથી મગફળીની આવક શરૂ થઈ હતી. અત્યાર સુધીમાં કુલ ૩,૦૨,૬૩૦ બોરી મગફળીની આવક નોંધાઈ ચૂકી છે. હાલમાં પ્રતિદિન અંદાજે ૩૦,૦૦૦ બોરી મગફળીની આવક થઈ રહી છે. ભાવ અંગે વાત કરીએ તો અગાઉ મગફળીનો ઊંચામાં ઊંચો ભાવ ?૨૨૦૦ સુધી બોલાયો હતો, જ્યારે હાલ ગુણવત્તા અનુસાર ?૧૬૦૦ થી ?૨૦૭૦ સુધીનો ભાવ ખેડૂતોને મળી રહ્યો છે. હિંમતપુરના મનોજભાઈ પટેલ અને હુંજ ગામના વિપિનભાઈ પટેલ નામના ખેડૂતોએ સારા ભાવ મળવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.યાર્ડના સત્તાધીશો દ્વારા ખેડૂતો માટે વિશેષ સુવિધાઓ મગફળીની પુષ્કળ આવકના કારણે માર્કેટયાર્ડના તમામ શેડ ભરાઈ ગયા છે. જેથી ખેડૂતોને કોઈ અગવડ ન પડે તે માટે વૈશાલી સિનેમા પાસે આવેલા ગ્રાઉન્ડમાં મગફળી ઉતારવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.હિંમતનગર છૅસ્ઝના સેક્રેટરી સિદ્ધરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ખેડૂતોને સુચારુ રીતે પ્રવેશ મળે તે માટે ટોકન પદ્ધતિ અમલી બનાવાઈ છે. આ ઉપરાંત યાર્ડમાં આવતા ખેડૂતો માટે ભોજન, ચા-નાસ્તો અને રાત્રિ રોકાણની તમામ સગવડો પૂરી પાડવામાં આવી રહી છે.આગામી દિવસોમાં પણ મગફળીની આવક જળવાઈ રહેવાની શક્યતા વચ્ચે ખેડૂતોની નજર માર્કેટમાં ભાવના તાલમેલ પર ટકેલી છે.

# સાબરકાંઠા જિલ્લા કૉંગ્રેસ સમિતિ દ્વારા વિશાળ પદયાત્રા યોજી સિવિલ સર્કલ ખાતે મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશકુમારની રાજીનામાની માંગ સાથે પુતળા દહન કરાયું

સાબરકાંઠા જિલ્લા કૉંગ્રેસ સમિતિ દ્વારા ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે ૧૨ ઓક્ટોબર ૨૦૨૬, સોમવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે મોતીપુરા કોંગ્રેસ કાર્યાલયથી વિશાળ પદયાત્રાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પદયાત્રા જિલ્લા કૉંગ્રેસ કચેરી મોતીપુરા - સર્કલ બસ સ્ટેન્ડ - સિવિલ સર્કલ બાબા સાહેબની પ્રતિમા આગળ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા દેશના મુખ્ય ચૂંટણી અધિકારીનું પુતળા દહન કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ વિરોધ પ્રદર્શન અને પદયાત્રામાં જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ રામજીભાઈ સોલંકી, પૂર્વ પ્રમુખ અશોકભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી પ્રિયવદન પટેલ, શહેર પ્રમુખ મનોજભાઈ બારોટ, અજમલસિંહ, કિરણસિંહ, ચંદ્રસિંહ, ટી.વી. પટેલ,મુકેશભાઈ,અનિલભાઈ, કૌશિકભાઈ, નૂતનભાઈ, કમળાબેન, બિંદુબા, ઝાહીદાબાનું,સાનીયા દિવાન યુવક કૉંગ્રેસ પ્રમુખ યુવરાજસિંહ, હેતભાઈ, રણછોડભાઈ, કુમાર ભાટ, ઈમરાન બાદશાહ, અનિલ પંડ્યા,કિરણભાઇ,રીકેશસિહ,રણછોડભાઇ,એકતાબેન, જીતુભાઈ પંચાલ સમેત મોટી સંખ્યામાં આગેવાનો - કાર્યકરો જોડાયા હતા.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

# પોશીનાના વલસાડી ગામે કપાસના વાવેતરની આડમાં ચાલતું ગાંજાનું ગેરકાયદેસર વાવેતર ઝડપાયું...




સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના વલસાડી ગામે કપાસના વાવેતરની આડમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવતું માદક પદાર્થ ગાંજાનું વાવેતર પોશીના પોલીસે ઝડપી પાડી સફળ કામગીરી કરી છે? પોલીસે સ્થળ પરથી રૂ. ૧૬,૩૬,૭૦૦/- ની કિંમતનો ૩૨.૭૩૪ કિલોગ્રામ ગાંજાનો કોમર્શિયલ જથ્થો જપ્ત કરી એક ઈસમ સામે NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે?

"SAY NO TO DRUGS" અભિયાન હેઠળ કાર્યવાહી ગાંધીનગર વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ (IPS) તથા સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ (IPS) દ્વારા જિલ્લામાં યુવાધન નશાના રવાડે ન ચડે અને ડ્રગ્સ મુક્ત સાબરકાંઠા સુનિશ્ચિત થાય તે માટે “SAY NO TO DRUGS” મિશન અંતર્ગત માદક પદાર્થોનું ખરીદ-વેચાણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી?

આ સૂચનાઓ મુજબ ખેડબ્રહ્મા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ડૉ. કુલદિપકુમાર નાયીના માર્ગદર્શન હેઠળ I/C પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એન.બી. વાઘેલા અને તેમની ટીમે સતત પેટ્રોલીંગ અને વોચ ગોઠવી હતી?

બાતમીના આધારે દરોડો પેટ્રોલીંગ દરમિયાન પોલીસને ચોક્કસ માનવ બાતમી (Human Sourcing) મળી હતી કે વલસાડી ગામના મુખી ફળિયામાં રહેતો દીપકભાઈ હીરાભાઈ બુંબડીયા પોતાના કબ્જા ભોગવટાના ખેતરમાં માદક પદાર્થ ગાંજાનું વાવેતર કરી રહ્યો છે? આ બાતમીના આધારે પોલીસે તુરંત સ્થળ પર પ્રત્યક્ષ જઈ તપાસ કરતા કપાસના વાવેતરની વચ્ચે છુપાવીને વાવવામાં આવેલા ગાંજાના છોડ મળી આવ્યા હતા?

’જપ્ત કરાયેલ મુદ્દામાલ અને આરોપીની વિગતઃ ઝડપાયેલ જથ્થોઃ ગાંજાના લીલા છોડ – ૧૮૧ નંગ (કુલ વજનઃ ૩૨.૭૩૪ કિલોગ્રામ) કુલ કિંમતઃ ૧૬,૩૬,૭૦૦/- ઝડપાયેલ આરોપીઃ દીપકભાઈ હીરાભાઈ બુંબડીયા (ઉં.વ. ૩૬, રહે. વલસાડી, મુખી ફળિયું, તા. પોશીના, જી. સાબરકાંઠા) સફળ કામગીરી કરનાર પોલીસ ટીમ આ સફળ કામગીરી ખેડબ્રહ્મા પો.ઈન્સ. શ્રી ડી.એન. સાધુ, પોશીના I/C પોશીના I/C પો.ઈન્સ. શ્રી એન.બી. વાઘેલા, પો.ઈન્સ. શ્રી વી.બી. મેઘનાથી, ASI અમીતકુમાર, HC સિદ્ધરાજસિંહ, HC જયદીપકુમાર, HC દિલીપભાઈ, PC કલ્યાણસિંહ, PC અજયસિંહ, PC કલ્પેશકુમાર, PC મુકેશકુમાર, PC સોમાભાઈ, ALR દશરથભાઈ, ALR દિપકભાઈ તથા ડ્રાઈવર PC કિંજલભાઈ સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી

# ઈડરમાં ૭૭મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી

## આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ‘એક પેડ મા કે નામ‘ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

કોલેજમાં ‘એક પેડ મા કે નામ‘ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો, તાલુકાના ઉચ્ચ અધિકારીઓ, પાલિકાના પદાધિકારીઓ અને ફોરેસ્ટ વિભાગના સ્ટાફની વિશેષ ઉપસ્થિતિ

ઈડર સ્થિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૭૭મા વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી ક્રાંતિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ‘એક પેડ મા કે નામ‘ અંતર્ગત વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજ કેમ્પસમાં વિવિધ છોડનું વાવેતર કરીને પ્રકૃતિ રક્ષણનો ઉમદા સંદેશ આપવામાં આવ્યો હતો.

મુખ્ય અધિકારીઓ અને મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં તાલુકાના વહીવટી અધિકારીઓ, નગરપાલિકાના હોદ્દેદારો તથા વન વિભાગના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાંઃ ઈડર પ્રાંત અધિકારીશ્રી મામલતદાર પૂજાબેન જોષી, ઈડર નગરપાલિકા પ્રમુખ અનસૂયાબેન પટેલ, પૂર્વ પ્રમુખ કાંતિભાઈ પટેલ, ઈડર વિસ્તરણ રેન્જના RFO એન.એ.ચૌધરી, વડાલી નોર્મલ રેન્જના RFO એલ.ડી. રાતડા, તથા ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ હાજર રહ્યો હતો. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પોતાના હાથે વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી.

પર્યાવરણ જતન અને માતૃપ્રેમનો અનન્ય સંગમ, ‘એક પેડ મા કે નામ‘ અભિયાન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વક્તાઓએ જણાવ્યું હતું કે, માતૃપ્રેમની સાથે સાથે પર્યાવરણનું રક્ષણ કરવું એ આજના યુગની મહત્વની જરૂરિયાત છે. વાવવામાં આવેલા તમામ છોડનો યોગ્ય ઉછેર થાય અને તે ઘટાદાર વૃક્ષ બને તે માટે પણ કાળજી લેવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ, અધ્યાપકગણ તેમજ એન.એસ.એસ. (NSS) અને એન.સી.સી. (NCC) ના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઈડર સ્થિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૭૭મા વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ જાગૃતિ અને હરિયાળી ક્રાંતિને પ્રોત્સાહન આપવા માટે ‘એક પેડ મા કે નામ‘ અંતર્ગત વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું જતન કરવાનો અને પ્રકૃતિ સાથેનો સંબંધ વધુ મજબૂત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# ઈડરના ગણેશપુરામાં બે સમાજ વચ્ચેનો મનભેદ ઉકેલાયો, પોલીસે મધ્યસ્થી કરી ભાઈચારો પુનઃ સ્થાપિત કર્યો

## ડીવાયએસપી કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં સુખદ સમાધાન

આગેવાનોએ મોં મીઠું કરાવી એકતાની મિસાલ પેશ કરી : સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલ ગણેશપુરા ગામમાં છેલ્લા કેટલાક સમયથી બે સમાજો વચ્ચે સર્જાયેલો તણાવ અને વિવાદ આખરે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો છે? ગ્રામજનો અને પોલીસ તંત્રના સંયુક્ત પ્રયાસોથી બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થતાં સમગ્ર વિસ્તારમાં રાહત અને આનંદની લહેર ફરી વળી છે?

પોલીસ સ્ટેશને યોજાઈ શાંતિ સમિતિની બેઠક મળતી માહિતી અનુસાર, ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ઈડર વિભાગના નાયબ પોલીસ અધીક્ષક (DySP) ની કચેરી ખાતે બંને સમાજના મોભીઓ, ગ્રામીણ આગેવાનો અને અગ્રણીઓની એક ખાસ બેઠક બોલાવવામાં આવી હતી? આ બેઠકમાં પોલીસ અધિકારીઓ અને વડીલોની સમજાવટથી બંને પક્ષોએ પોતાના મતભેદો બાજુ પર મૂકીને ગામની શાંતિ અને સલામતીને પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો હતો?

એકબીજાને મીઠાઈ ખવડાવી મોં મીઠું કરાવ્યું

મનભેદ દૂર થયા બાદ બંને સમાજના આગેવાનોએ હળવાશના વાતાવરણમાં એકબીજાને મીઠાઈ ખવડાવીને ભેટી પડ્યા હતા અને કાયમી સદ્ભાવના જાળવી રાખવાના સોગંદ લીધા હતા? વડીલોની આ સમયસૂચકતા અને સામૂહિક નિર્ણયથી ગામમાં એકતાના અનોખા દર્શન થયા હતા?

ગ્રામજનોમાં ખુશીનો માહોલ ઈડરના ગણેશપુરામાં ફરી એકવાર ભાઈચારો અને શાંતિ સ્થપાતાં સ્થાનિક રહીશોએ પોલીસ પ્રશાસન અને સમાજના મોભીઓનો આભાર વ્યક્ત કર્યો છે? આ સુખદ ઉકેલથી આસપાસના વિસ્તારોમાં પણ સામાજિક એકતાનો એક ઉત્કૃષ્ટ સંદેશ ગયો છે?

સાબર રીપોર્ટર ન્યુઝપેપર – સમાચાર અને જાહેરખબર માટે સંપર્ક કરો
પોશીના : રાકેશ પંચાલ મો.૯૬૦૧૫૮૩૬૫૨ લાંબડિયા : જયેશ જોષી મો.૯૪૯૯૫૫૩૦૩૦

# ઈડર રાણી તળાવ વિકાસ કામમાં ગંભીર પોલ

## નહિવત વરસાદમાં દીવાલ નીચેથી માટી ધોવાઈ જતાં દીવાલ અદ્ધર, ઉપર થઈ રહ્યા છે રંગ-રોગાન







ઈડર નગરપાલિકા દ્વારા અમૃત ૨.૦ યોજના હેઠળ કરોડો રૂપિયાના ખર્ચે ઐતિહાસિક રાણી તળાવના સુંદરીકરણ અને વિકાસની કામગીરી ચાલી રહી છે. પરંતુ આ વિકાસકાર્યોની ગુણવત્તા સામે અત્યારથી જ ગંભીર સવાલો ઉભા થયા છે. ચોમાસા દરમિયાન પડેલા નહિવત વરસાદમાં જ તળાવ પરિસરમાં કરવામાં આવેલા માટીકામ અને પ્રોટેક્શન વોલ નીચેથી મોટા પ્રમાણમાં માટી ધોવાઈ ગઈ છે.

માટી ધોવાઈ ગઈ છતાં રેલિંગ અને રંગ-રોગાનનું કામ ચાલુ

સ્થળ પરના વિડિયો ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે તળાવની કોંક્રીટ પ્રોટેક્શન વોલ અને તેના નીચેના પિલરોની આસપાસની માટી સંપૂર્ણપણે ધોવાઈ જવાને કારણે દીવાલ નીચે મોટું પોલાણ થઈ ગયું છે અને તે હવામાં અદ્ધર લટકી રહી છે. આશ્ચર્યની વાત એ છે કે દીવાલ નીચેથી પાયો જ ખસી ગયો હોવા છતાં ઉપરના ભાગે રેલિંગ લગાવી દેવામાં આવી છે અને રંગ-રોગાન તથા સુંદરીકરણની કામગીરી ધમધમી રહી છે.

ભારે વરસાદ થાય તો શું પરિણામ આવે? વિચારીને જ કંપારી છૂટે છે

માટીકામમાં પડેલા આ મોટા ગાબડાં અને ધોવાણ પર સંબંધિત અધિકારીઓ કે એજન્સીની નજર કેમ નથી પડી? તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે જો ચોમાસામાં નહિવત વરસાદમાં આટલું મોટું માટીનું ધોવાણ થયું છે, તો જો વરસાદનું પ્રમાણ વધારે હોત તો શું હાલત થઈ હોત? ભારે વરસાદ થાય તો આ કરોડો રૂપિયાનો પ્રોજેક્ટ ગણતરીની મિનિટોમાં ધરાશાયી થઈ શકે છે અને મોટી હોનારત સર્જાઈ શકે છે, જેની કલ્પના માત્રથી પણ કંપારી છૂટી જાય છે. નાગરિકો અને કરદાતાઓ દ્વારા તંત્ર સામે તીવ્ર રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે તાત્કાલિક ધોરણે આ નબળા બાંધકામની તપાસ કરીને યોગ્ય સુધારણાત્મક પગલાં ભરવામાં આવે. ●

## હિંમતનગર-અમદાવાદ રોડ પર ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

હિંમતનગર-અમદાવાદ હાઈવે પર આવેલી કાટવાડ ચોકડી નજીક એક કોમ્પ્લેક્ષમાં ગેસ્ટ હાઉસની આડમાં ચાલતા અનૈતિક દેહવ્યાપારના રેકેટનો એએચટીયુ (Anti Human Trafficking Unit) ની ટીમે પર્દાફાશ કર્યો છે. ગુરુવારે મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ત્રણ શકમંદોને ઝડપી લીધા હતા અને ત્યાં ફસાયેલી ત્રણ યુવતીઓને દેહવ્યાપારમાંથી હેમખેમ મુક્ત કરાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, એએચટીયુના પી.આઈ. એસ.બી. ચૌધરી તથા તેમની ટીમને બાતમી મળી હતી કે કાટવાડ ચોકડી રોડ પર આવેલ ઓમ કોમ્પ્લેક્ષના પ્રથમ માળે 'રાજ ગેસ્ટ હાઉસ'ની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મેઘરાજ ગોતાજી પટેલ, ચેનસિંગ રાવ અને માનસિંગ રાવ દ્વારા ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવી શરીરસુખ માણવાની સગવડો પૂરી પાડવામાં આવતી હતી અને આ ધંધામાં ત્રણ યુવતીઓને સંડોવવામાં આવી હતી.

પોલીસે બાતમીવાળા સ્થળે રેડ કરી ત્રણેય યુવતીઓને મુક્ત કરાવી હતી. આ અંગે પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ (PITA) ૧૯૫૬ની કલમ ૩(૧)(૨), ૪ અને ૫(૧)(એ)(ડી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે દરોડા દરમિયાન રૂ. ૧,૦૦૦ રોકડા અને રૂ. ૧,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૨,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ●

## ગાંધીધામમાં પાટીદાર સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી



અહેવાલ / રિપોર્ટરઃ દર્શન સોની (દયાપર)

પ્રાચીન પરંપરા સાથે ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા ; કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે પાટીદાર સમાજ દ્વારા આ વર્ષે પણ નવરાત્રી પર્વની ખૂબ જ ઉત્સાહભેર અને ભાવિ-ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આસો નવરાત્રીના નવે-નવ દિવસ દરમિયાન ખેલૈયાઓએ માતાજીના રાસ-ગરબાની રમઝટ બોલાવીને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું.

પરંપરાગત રાસ-ગરબાનું સુંદર આયોજન

નવરાત્રી મહોત્સવ અંગે માહિતી આપતાં હર્ષાબેન પોકાર જણાવ્યું હતું કે, સમાજ દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ નવરાત્રીનું ભવ્ય આયોજન કરાયું છે. તેમણે ભૂતકાળના સંસ્મરણો વાગોળતાં ઉમેર્યું હતું કે, ×જ્યારે સમાજના વડીલ તેજા બાપા હાજર હતા, ત્યારે જૂના અને પરંપરાગત ગરબા ગવાતા હતા અને તેઓ પોતે જ ઉત્સાહભેર તબલા વગાડીને માહોલ જમાવતા હતા.×

આ અંગે વાતચીત કરતાં સંગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, સમાજમાં વર્ષોથી ચાલી આવતી પ્રાચીન પરંપરા મુજબ જ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવે છે, જેનાથી નવી પેઢી પણ આપણી સંસ્કૃતિથી જોડાયેલી રહે છે.

સમાજના ભાઈ-બહેનોમાં ભારે ઉત્સાહ

આયોજન અંગે ખુશી વ્યક્ત કરતાં ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષના નવરાત્રી મહોત્સવમાં સમાજના તમામ લોકોએ એકઠા થઈને માતાજીની આરાધના કરી છે અને ગરબે રમીને ખૂબ જ આનંદ મેળવ્યો છે. નવે-નવ દિવસ દરમિયાન નાના બાળકોથી લઈને વડીલો સુધી સૌ કોઈ આ ભક્તિ ઉત્સવમાં જોડાઈને લીન બન્યા હતા. ●

## દયાપર પ્રાથમિક કન્યા શાળામાં નવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી



દયાપર સ્થિત પ્રાથમિક કન્યા શાળા ખાતે આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાની બાળાઓએ પરંપરાગત પોશાકમાં સજ્જ થઈ ઉત્સાહભેર ગરબા રમીને આસો નવરાત્રીના પર્વને મનભરીને માણ્યો હતો.

શાળાના શિક્ષિકા દ્રષ્ટિબેન ભાલોડીયાએ પત્રકાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કન્યા શાળામાં નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાની-મોટી બાળાઓએ માતાજીની ભક્તિ સાથે પરંપરાગત ગરબાઓની રમઝટ બોલાવી હતી.

આ ઉજવણીના કાર્યક્રમમાં કન્યા શાળાનો સમગ્ર સ્ટાફ પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યો હતો અને બાળાઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમમાં પ્રવીણભાઈ, પિયુષભાઈ, હસુમતીબેન આહિર, દ્રષ્ટિબેન ભાલોડીયા, ક્રિષ્નાબેન પ્રજાપતિ, લતાબેન પરમાર તેમજ શીમાંબેન સહિતના શિક્ષકગણે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ●